# ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેંક લિ.

સ્થાપના : ૧૯૨૨ — મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

રજી./ સેન્ટ્રલ ઓફીસ : "વસુધારા ભવન", ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧ (ટેલિ. +91-261) 246 4621 to 4624
Email : info@spcbl.in Toll free : 18002337722 Website : www.spcbl.in

## સ્થાવર મિલકતની હરાજી

આથી સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા ધ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે નીચે દર્શાવેલ બાકીદાર પાસેથી બેંકના સિક્યોર્ડ લેણાં ઉપરાંત વ્યાજ ખર્ચ વગેરેની વસુલાત માટે બેંકના કબજા હેઠળની નિમ્નલિખિત મિલકત "જ્યાં છે અને જે છે તે સ્થિતિમાં" વેચાણ સારુ હરાજીના દિવસે શરુ થાય તે પહેલા અધિકૃત અધિકારીને મળે તે રીતે દરખાસ્તો આવકારવામાં આવે છે.

| બાકીદાર /જામીનદારો | વસુલાત અંગેના સિક્યોર્ડ લેણાં |
|---|---|
| બાકીદાર : મે. દીપ ટેક્ષ<br>પ્રોપ. : દિપાબેન નાનકરામ અછડા<br>હાલ રહે. : સી-૧૦૦૩, ગેલેક્ષી એન્કલેવ, ગ્રીન સીટી રોડ, પાલ, સુરત.<br>ઓફીસ.૧: દુકાન નં.૬૦૦ લોઅર ગ્રાઉન્ડ, હરિઓમ ટેક્ષ્ટાઇલ્સ માર્કેટ-૨, સલાબતપુરા, રીંગરોડ, સુરત.<br>ઓફીસ.૨: ૨/૧૩, પહેલો માળ, ખટોદરા કોલોની, વર્લ્ડ ટ્રેડ સેન્ટરની સામે, ઉધના રોડ, સુરત<br>જામીનદારોઃ (૨) પ્રકાશ નાનકરામ અછડા (૩) બરખા નાનકરામ અછડા<br>બન્ને હાલ રહે.: સી-૧૦૦૩, ગેલેક્ષી એન્કલેવ, ગ્રીન સીટી રોડ, પાલ, સુરત. | (૧) કેશક્રેડીટ ખાતા નં. ૩૦૪૦૦૭૭૦૬૪૬ તા.૧૬-૦૯-૨૦૨૧ના રોજની કલમ ૧૩(૨)ની માંગણા નોટીસ મુજબ તા.૧૫-૦૯-૨૦૨૧ ના રોજની રકમ રૂા. ૨,૪૦,૮૦,૧૬૫.૧૦ વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી<br><br>(૨) FITL ખાતા નં. ૩૦૪૦૧૫૮૯૮૮૩૦ તા.૧૬-૦૯-૨૦૨૧ના રોજની કલમ ૧૩(૨)ની માંગણા નોટીસ મુજબ તા.૧૫-૦૯-૨૦૨૧ ના રોજની રકમ રૂા. ૫,૯૯,૩૩૨.૩૫ વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી |

| અનુ. નં. | હરાજીથી વેચવાની સ્થાવર મિલકતનું વર્ણન | રીઝર્વ કિંમત રૂા. / ઇએમડી રૂા. | મિલકત નિરીક્ષણ તારીખ / મિલકત નિરીક્ષણ સમય | હરાજીની તારીખ / હરાજીનો સમય |
|---|---|---|---|---|
| ૧ | **મિલકતના માલિક :** દિપાબેન નાનકરામ અછડા<br>તમામ ભાગ અને હિસ્સા સહિતના રો-હાઉસ નં. ૧૮ અને ૧૯, "રણછોડ પાર્ક" પ્રકાશ બેકરીની પાછળ, ઝૂલેલાલ મંદિરની પાસે, મોજે-રાંદેર, રામનગર, સુરત, રેવન્યુ સર્વે નં.૧૭૨-૧૭૩ પૈકી હિસ્સા નં.૬/એ, જમીનનું ક્ષેત્રફળ : પ્લોટ નં. ૧૮ - ૮૯.૪૨ ચો.મી. તથા પ્લોટ નં. ૧૯- ૮૯.૪૨ ચો.મી. તથા ફાળે પડતા રસ્તાનું કોમન એરિયાનું ક્ષેત્રફળ સુમારે ૩૬.૦૮ ચો.મી. બાંધકામ - બિલ્ટઅપ એરિયા : ગ્રાઉન્ડ +પહેલો + બીજો માળ = ૨૯૧૫ સ્કવેર ફીટ. ચતુરદિશા : ઉત્તરે : લાગુ પ્લોટ નં. ૧૬ અને ૧૭, દક્ષિણે : લાગુ પ્લૉટ નં.૨૦, પૂર્વે : લાગુ સોસાયટી રોડ, પશ્ચિમે : લાગુ સંત કવીરામ સોસાયટી. **કબજાનો પ્રકાર : પ્રત્યક્ષ**<br>નોંધઃ રો-હાઉસ નં.૧૮ તથા રો-હાઉસ નં.૧૯ માટે અરજદારો અલગ-અલગ અરજી કરી શકશે. | ૧,૨૪,૮૦,૦૦૦/-<br>૧૨,૪૮,૦૦૦/- | ૧૫/૦૧/૨૦૨૪<br>બપોરે ૧૨:૦૦ કલાકથી બપોરે ૦૧:૦૦ કલાક સુધી | ૨૨/૦૧/૨૦૨૪<br>બપોરે ૧૨:૩૯ કલાકથી |

હરાજીનું સ્થળ : **બોર્ડ રુમ, ૪થો માળ, ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લિ. વસુધારા ભવન,ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧**

દરખાસ્ત (ઓફર)ના કવર ઉપર જે તે મિલકતનું વર્ણન દર્શાવવાનું રહેશે. દરખાસ્ત (ઓફર)ની સાથે ઉપર દર્શાવેલ ઇ.એમ.ડી.ની રકમનો બેંક ડ્રાફ્ટ/પે ઓર્ડર/આરટીજીએસથી/ઓનલાઇન "**અધિકૃત અધિકારી, ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક લિ.**" ની તરફેણમાં સુરત ખાતે ચૂકવવાપાત્ર હોવો જોઇએ. જો ઓફર સ્વીકારાશે નહીં તો ઇ.એમ.ડી.ની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સૌથી ઊંચી બોલી બોલનારે બેંક દ્વારા વેચાણના મંજૂરી મળ્યેથી તુરંત જ બોલીની રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીના ૭૫% રકમ ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે જેમાં નિષ્ફળ નીવડ્યેથી દરખાસ્તદારે અગાઉ જમા કરાવેલી બધી રકમ વગર નોટિસે જપ્ત કરવામાં આવશે.

ઉપરોક્ત મિલકત ઉપરના ચૂકવવાપાત્ર કોઇપણ પ્રકારના બેંકની જાણમાં હોય કે નહોય તેવા હાલના કે ભવિષ્યના વૈધાનિક સરકારી લ્હેણા સેલ્સટેક્ષ, ઇન્કમટેક્ષ, કોમર્શિયલ ટેક્ષ, જી.એસ.ટી. લ્હેણાં, એકસાઇઝ લ્હેણા, અર્ધસરકારી લ્હેણા, લેબર લ્હેણા, પ્રોવિડંટ ફંડ, ઇલેક્ટ્રીસિટી લ્હેણા, સુરત મ્યુ. કોર્પોરેશનના લ્હેણા/ગ્રામ પંચાયતના લ્હેણા, મિલકતવેરો, સોસાયટી મેઇન્ટેનન્સ અને અન્ય તમામ દેવા ખરીદનારે ભોગવવાના રહેશે. સદર મિલકત પર અમો બેન્ક સિવાયના અન્ય કોઇ બોજા અંગે બેંકને કોઇ જાણ કે માહિતી નથી તેવા બોજાના પુરેપુરા લેણા ચૂકતે કરવાની જવાબદારી ફક્ત ખરીદનારને શીરે રહેશે તથા મિલકત ટ્રાન્સફર કરવાના તમામ ખર્ચ સહિતની કાર્યવાહી ખરીદનારે કરવાની રહેશે તથા તે અંગે થતી સ્ટેમ્પ ડ્યુટી, વધારાની સ્ટેમ્પ ડ્યુટી, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ચાર્જ અશાંત ધારા અંગેની પરમીશન મેળવવાની કાર્યવાહી સહિતનો તમામ ખર્ચ પણ ખરીદનારે ભોગવવાનો રહેશે. વેચાણનું પ્રમાણપત્ર પણ સબ રજીસ્ટ્રાર કચેરી રુબરુ નિયત સમય મર્યાદામાં નોંધણી કરાવી લેવાની જવાબદારી ખરીદનારની રહેશે. બેંક, મિલકત ખરીદનારને બેંક પાસે ઉપલબ્ધ "જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ"ના ધોરણે મિલકતના ટાઇટલ અંગેના ડોક્યુમેન્ટસ સુપ્રત કરશે. બેંકે ઉપરોક્ત ગીરો મિલકતનું વેચાણ કરવા અંગે કોઇ એજન્ટ/બ્રોકર/દલાલને કામ સોંપેલ નથી. વધુ માહિતી માટે અધિકૃત અધિકારી શ્રી સુનિલ આર. કાપડીયાનો (ફોન નં. ૦૨૬૧-૨૪૬૪૫૯૩)પર સંપર્ક કરવો. કોઇપણ પુછપરછ અને/અથવા વેચાણ માટેની અન્ય શરતો સારુ નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે.

કોઇપણ કારણ આપ્યા વિના મળેલ કોઇપણ અને/અગર બધી જ દરખાસ્તો નકારવાના તથા હરાજી મોકૂફ કરવા અંગેના પોતાના અધિકારો અધિકૃત અધિકારી રાખે છે.

**તારીખ : ૦૪/૦૧/૨૦૨૪**
**સ્થળ : સુરત**

સહી/-
આસીસ્ટન્ટ જનરલ મેનેજર અને અધિકૃત અધિકારી
ધી સુરત પીપલ્સ કો-ઓપ. બેંક લિ.